તા. ૫-૬-૨૦૨૪
દિવ્ય ભાસ્કર
પાના નં. ૪

### થલતેજ મેટ્રો સ્ટેશનથી સાઉથ બોપલ સુધી કનેક્ટિવિટી મળશે

# થલતેજના ચાર, વસ્ત્રાલના એક રૂટ પર મેટ્રો માટે આજથી ફીડર બસ શરૂ કરાશે

ઇન્ફ્રા રિપોર્ટર | અમદાવાદ

મેટ્રો સ્ટેશનથી લોકોને બસ મળી રહે તેના માટે બુધવારથી ફીડર બસ સેવા શરૂ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એએમટીએસની ફીડર બસને લીલી ઝંડી બતાવશે. આ સિવાય વાસણા ટર્મિનસથી લઈને વાડજ ટર્મિનસ સુધી રિવરફ્રન્ટ રૂટ પર દોડનારી રિવરફ્રન્ટ એક્સપ્રેસને પણ મુખ્યમંત્રી બુધવારે લીલી ઝંડી બતાવશે. થલતેજ મેટ્રો સ્ટેશન પરથી કુલ 4 રૂટ પર જ્યારે વસ્ત્રાલમાં 2 રૂટ પર મેટ્રો ફીડર બસ શરૂ કરાશે. થલતેજ મેટ્રો સ્ટેશનથી એએમટીએસની બસ શરૂ કરાશે, જે ગોવર્ધન પાર્ટી પ્લોટ સુધીના 15.9 કિલોમીટરના રૂટ પર દોડશે. પછી એન્ટી સર્ક્યુલર રૂટ એટલે કે ગોવર્ધન પાર્ટી પ્લોટથી થલતેજ મેટ્રો સ્ટેશન સુધી બસ દોડાવાશે. જ્યારે બીજો રૂટ થલતેજ મેટ્રો સ્ટેશનથી શરૂ થઈ થલતેજ ગામ સુધીના 13.25 કિલોમીટર સુધી હશે.

### થલતેજ મેટ્રો સ્ટેશનથી બસ શરૂ થશે, જે 15.9 કિલોમીટરના રૂટ પર દોડશે

| રૂટ નંબર | ડેસ્ટિનેશન | રૂટ (કિમી) | બસ | ફ્રિક્વન્સી |
|---|---|---|---|---|
| ફીડર 3 | થલતેજ (મેટ્રો સ્ટેશન)થી થલતેજ (મેટ્રો સ્ટેશન) સર્ક્યુલર | 15.90 | 2 | 25 મિનિટ |
| ફીડર 4 | થલતેજ (મેટ્રો)થી થલતેજ (મેટ્રો સ્ટેશન) એન્ટી સર્ક્યુલર | 15.90 | 2 | 25 મિનિટ |
| ફીડર 5 | થલતેજ (મેટ્રો)થી થલતેજ (મેટ્રો સ્ટેશન) સર્ક્યુલર | 13.25 | 2 | 20 મિનિટ |
| ફીડર 6 | થલતેજ (મેટ્રો)થી થલતેજ (મેટ્રો સ્ટેશન) એન્ટી સર્ક્યુલર | 13.25 | 2 | 20 મિનિટ |
| ફીડર 7 | થલતેજ (મેટ્રો સ્ટેશન)થી થલતેજ (મેટ્રો સ્ટેશન) સર્ક્યુલર | 16.10 | 2 | 25 મિનિટ |
| ફીડર 8 | થલતેજ (મેટ્રો)થી થલતેજ (મેટ્રો સ્ટેશન) એન્ટી સર્ક્યુલર | 16.10 | 2 | 25 મિનિટ |
| ફીડર 9 | વસ્ત્રાલ (મેટ્રો સ્ટેશન)થી વસ્ત્રાલ (મેટ્રો સ્ટેશન) સર્ક્યુલર | 12.10 | 2 | 20 મિનિટ |
| ફીડર 10 | વસ્ત્રાલ (મેટ્રો)થી વસ્ત્રાલ (મેટ્રો સ્ટેશન) એન્ટી સર્ક્યુલર | 12.10 | 2 | 20 મિનિટ |
| 60 શટલ | થલતેજ મેટ્રો સ્ટેશનથી ભાગવત બંગ્લોઝ એન્ટી સર્ક્યુલર | 11.50 | 1 | 20 મિનિટ |